# <u>પ્રેસ નોંધ</u>

## પ્રાકૃતિક કૃષિ અંગે એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો

કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ અંતર્ગત કાર્યરત તાલીમ કેન્દ્ર દ્વારા સ્વયં પ્રેરિત ખેડુતો માટે તા. ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ એક દિવસીય પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડુતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ અંગે જાગૃત કરી, ઓછી ખર્ચાળ અને પર્યાવરણલક્ષી ખેતી તરફ પ્રેરિત કરવાનો હતો. કાર્યક્રમમાં કવાંટ તાલુકાના ગામ બૈડીયા તથા ભુમસવાડા ક્લસ્ટરના કુલ ૨૨૮ સ્વયં પ્રેરિત ખેડુતો ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતા.

તાલીમ દરમિયાન નિષ્ણાત વૈજ્ઞાનિકો દ્વારા પ્રાકૃતિક ખેતીના વિવિધ પાસાઓ અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું. ડો. એ. આર. મેકવાન દ્વારા પ્રાકૃતિક ખેતીનો પરિચય, તેનું મહત્વ તથા રાસાયણિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેના તફાવતો વિષે વિસ્તૃત સમજ આપવામાં આવી. ખેડુતોને સ્વસ્થ જમીન, ખર્ચમાં ઘટાડો અને ગુણવત્તાસભર ઉત્પાદન માટે પ્રાકૃતિક ખેતીના લાભોની જાણકારી આપવામાં આવી.

ત્યારબાદ ડો. વિજય રાઠવાએ બાગાયતી પાકોમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓનો અમલ કેવી રીતે કરવો તેની ઉપયોગી માહિતી આપી. પાકના આરોગ્ય, જમીનની ઉર્વરતા અને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે પ્રાકૃતિક પદ્ધતિઓના ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ ઉપરાંત ડો. વિપુલ રૈયાણીએ પ્રાકૃતિક ખેતીના મુખ્ય પાંચ આધારસ્તંભો — બિજામૃત, જીવામૃત, ગણજીવામૃત સંશોધન, વાપસા અને જીવ વૈવિધ્યતા વિશે વિગતવાર સમજાણ આપી. ખેડુતોને સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સામગ્રીથી ખેતીમાં ઉપયોગી પ્રાકૃતિક ખાતરો તૈયાર કરવાની રીતો સમજાવવામાં આવી. આ તાલીમ કાર્યક્રમ ડો. જે. બી. પટેલ, આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય,આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામના માર્ગદર્શન હેઠળ આયોજીત કરવામાં આવેલ હતો.

કાર્યક્રમ દરમિયાન સંબંધિત ક્લસ્ટરના કૃષિ સખીઓ તથા કોમ્યુનિટી રિસોર્સ પર્સનસ સભ્યોએ પણ હાજરી આપી અને પોતાના પ્રયોગાત્મક અનુભવ તથા પ્રાકૃતિક ખેતીથી મળતા ફાયદાઓ અંગે ખેડુતો સાથે ચર્ચા કરી. ખેડુતોના પ્રશ્નો અને ખેતી સંબંધિત મુશ્કેલીઓ અંગે ચર્ચા કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું.

અંતમાં ખેડુતોને પ્રાકૃતિક ખેતી અપનાવી સ્વસ્થ ઉત્પાદન અને ટકાઉ કૃષિ તરફ આગળ વધવા અનુરોધ સાથે કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો. કાર્યક્રમ ખેડુતો માટે જ્ઞાનવર્ધક તથા પ્રેરણાદાયક સાબિત થયો.



કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ
તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ.જબુગામ
તારીખ :
આયોજક : ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ
ખેડૂત તાલીમ કેન્દ્ર, છોટાઉદેપુર
ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ
દ્વારા આયોજીત વર્ષ ૨૦૨૫-૨૬
મિશન કલસ્ટર તાલિમ
કૃષિ સખી / CRP - પ્રાકૃતિક કૃષિ
પ્રાકૃતિક કૃષિ અવેરનેશ પ્રોગ્રામ / ઓરિએન્ટેશન પ્રોગ્રામ
GPS MAP CAMERA
Chhotaudepur, Gujarat, India
Bhumas Wada Chirkoi Faliya Road, Kavant, Chhotaudepur, Gujarat, India, 391168
Lat 22.168515° Long 74.092329°
17/02/2026 Tuesday, 11:11 AM
13.0 km/h
77%
50 uT
24 °C
290° W
202.70 m
Tag: GPS Map Camera
Legal




ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ
દ્વારા આયોજીત વર્ષ ૨૦૨૫-૨૬
મિશન કલસ્ટર તાલિમ




કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ


કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી, જબુગામ
તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ.જબુગામ


કૃષિ મહાવિદ્યાલય
ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ
દ્વારા આયોજીત વર્ષ ૨૦૨૫-૨૬
મિશન કલસ્ટર તાલીમ
કૃષિ સખી / CRP - પ્રાકૃતિક કૃષિ
CHILD MARRIAGE FREE BHARAT
CAMPAIGN BRIEF